# મોટાભાગના IPL કેપ્ટનોને ઈમ્પેક્ટ પ્લેયર નિયમ સામે વાંધો

**BCCIએ** ઇમ્પેક્ટ પ્લેયર નિયમ 2027 સુધી લંબાવ્યો હોવાથી તેની સમીક્ષા તે પછી જ થઇ શકશે

**કેપ્ટન્સ** મીટમાં પ્રથમ ઇનિંગની 10મી ઓવર પછી બોલ બદલવાની મંજૂરી આપવાનો પ્રસ્તાવ પણ રજૂ થયો



નવી દિલ્હી, તા. 25 (પીટીઆઇ) : 2023 માં લાગુ થયા પછી મિશ્ર મંતવ્યોનો સામનો કરી રહેલા ઇમ્પેક્ટ પ્લેયર નિયમ સામે ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ના મોટાભાગના કેપ્ટનોએ આજે બુધવારે વાંધો વ્યક્ત કર્યો હતો. 2024માં, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ)એ ઇમ્પેક્ટ પ્લેયર નિયમ 2027 સુધી લંબાવ્યો હતો. આમ છતાં, ચાહકો અને ખેલાડીઓ બંનેમાં વ્યૂહાત્મક નિયમ પર ચર્ચા ચાલુ છે.

મુંબઈમાં યોજાયેલી આઈપીએલના તમામ 10 ટીમોના કેપ્ટનોની બેઠકમાં આ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. આઈપીએલના એક સૂત્રએ જણાવ્યું કે મોટાભાગના કેપ્ટનોએ ઈમ્પેક્ટ પ્લેયર નિયમ પર પોતાના મંતવ્યો અને વાંધો વ્યક્ત કર્યો હતો, જોકે, બીસીસીઆઈએ આ નિયમ 2027 સુધી લંબાવ્યો છે. તેમને કહેવામાં આવ્યું હતું કે તેની સમીક્ષા ફક્ત આઈપીએલ 2027 પછી જ થઈ શકે છે, તે પહેલાં નહીં.

દિલ્હી કેપિટલ્સના કેપ્ટન અક્ષર પટેલે આ અઠવાડિયાની શરૂઆતમાં ઈમ્પેક્ટ પ્લેયર નિયમની ટીકા કરી હતી, રોહિત શર્મા જેવા ખેલાડીઓ પહેલાથી જ તેની વિરુદ્ધ બોલી રહ્યા છે. ગ્લેન ફિલિપ્સ જેવા વિદેશી ખેલાડીઓએ પણ કહ્યું છે કે આ નિયમ ઓલરાઉન્ડરોના ભવિષ્ય પર પ્રતિકૂળ અસર કરી શકે છે.

બીસીસીઆઈએ ગયા સિઝનમાં ઝાકળનો સામનો કરવા માટે ટીમોને બીજી ઈનિંગની 10મી ઓવર પછી બોલ બદલવાની મંજૂરી આપી હતી. બુધવારે, એક કેપ્ટને પ્રસ્તાવ મૂક્યો કે ટીમોને પ્રથમ ઈનિંગની 10મી ઓવર પછી બોલ બદલવાની મંજૂરી આપવી જોઈએ. સૂત્રએ જણાવ્યું પહેલી ઈનિંગની 10 ઓવર પછી બોલ બદલવાનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો, પરંતુ તેને બહુ સમર્થન મળ્યું નહીં. સામાન્ય રીતે બીજી ઈનિંગમાં વધુ ઝાકળ પડે છે, તેથી વર્તમાન નિયમ અમલમાં રહેશે.

# રાજસ્થાન રોયલ્સ વેચાતા શેન વોર્નના પરિવારને રૂ. 450 કરોડ મળશે

**સિઝન** દીઠ 0.75% હિસ્સા સાથે ચાર સિઝન રમનારા વોર્નનો કુલ હિસ્સો 3% થયો હતો

**રાજસ્થાન** રોયલ્સ 15,290 કરોડમાં વેચાતા વોર્નના ભાગે રૂ. 450 કરોડથી વધુની રકમ આવશે



નવી દિલ્હી, તા. 25 : ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) 2026ની શરૂઆત પહેલા રાજસ્થાન રોયલ્સ અમેરિકા સ્થિત કોન્સોર્ટિયમે હસ્તગત કર્યા પછી ઓસ્ટ્રેલિયન દિગ્ગજ ખેલાડી શેન વોર્નનું રાજસ્થાન રોયલ્સમાં અગાઉનું રોકાણ તેમના પરિવાર માટે કરોડો ડોલરના ખજાનામાં ફેરવાઇ ગયું છે.

યુએસ સ્થિત એક કન્સોર્ટિયમે રાજસ્થાન રોયલ્સને રેકોર્ડ 1.63 બિલિયન ડોલર અર્થાત આશરે રૂ. 15,290 કરોડમાં હસ્તગત કરી છે. 2008માં માત્ર 67 મિલિયનમાં હસ્તગત કરાયેલી આ ટીમ વિશ્વની સૌથી મૂલ્યવાન સ્પોર્ટ્સ ફ્રેન્ચાઇઝીઓમાંની એક બની ગઈ છે. પરંતુ આ સોદાનો સૌથી મોટો ચર્ચાનો મુદ્દો શેન વોર્ન દ્વારા લીગની શરૂઆતની સીઝનમાં માસ્ટરસ્ટ્રોક રોકાણ છે.

2008માં જ્યારે આઇપીએલ શરૂ થઈ, ત્યારે શેન વોર્ન રાજસ્થાન રોયલ્સનો કેપ્ટન અને માર્ગદર્શક બન્યો હતો. તે સમયે વોર્ને એક અનોખો કરાર કર્યો. તેને વાર્ષિક ફી પેટે ૬૫૭,૦૦૦ ડોલર અપાયા હતા સાથે જ ટીમમાં સિઝન દીઠ ૦.૭૫% હિસ્સો પણ આપવામાં આવ્યો. વોર્ને ચાર સીઝન સુધી ટીમનું નેતૃત્વ કર્યું, જેનાથી તેનો કુલ હિસ્સો 3% થયો. તેણે એક ઇન્ટરવ્યુમાં કહ્યું હતું કે મને મારી રીતે ટીમ ચલાવવાની સંપૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવી હતી; હું ત્યાં એક જ જગ્યાએ કામ કરતો હતો. 2019માં, જ્યારે ટીમનું મૂલ્યાંકન ૪૦૦ મિલિયન ડોલર હતું, ત્યારે વોર્ને મજાકમાં ટિપ્પણી કરી હતી કે 3% હિસ્સો એક સારો સોદો છે. આજે, તેમની આગાહી સાચી સાબિત થઈ છે. ૧.૬૩ બિલિયન ડોલરના નવા મૂલ્યાંકન પર, શેન વોર્નના પરિવાર પાસે રહેલા 3% હિસ્સાની કિંમત હવે ૪૫૦ થી ૪૬૦ કરોડની વચ્ચે છે. આ રોકાણ માત્ર નાણાકીય સફળતા જ નહીં પરંતુ વોર્નની દૂરંદેશીનો પુરાવો પણ હતો, જેણે મેદાનની બહાર પણ તેમના પરિવારનું ભવિષ્ય સુરક્ષિત કર્યું.

# દક્ષિણ આફ્રિકાએ ટી-20 સીરિઝમાં ન્યૂઝીલેન્ડને 3-2થી હરાવ્યું




**એસ્ટરહેગનની** 33 બોલમાં 75 રનની તોફાની ઇનિંગથી દક્ષિણ આફ્રિકાએ ત્રીજી ટી-20 જીતી

**દક્ષિણ** આફ્રિકાના ચાર વિકેટે 187 રન સામે ન્યૂઝીલેન્ડ આઠ વિકેટે 154 રન સુધી જ સિમિત રહ્યું

ક્રાઈસ્ટચર્ચ, તા. 25 (એપી) : કોનોર એસ્ટરહેગનના કેરિયર બેસ્ટ 33 બોલમાં પાંચ ચોગ્ગા અને છ છગ્ગા સાથે 75 રનની મદદથી, દક્ષિણ આફ્રિકાએ બુધવારે અહીં પાંચમી ટી-20 ઈન્ટરનેશનલ મેચમાં ન્યૂઝીલેન્ડને 33 રનથી હરાવીને પાંચ મેચની સીરિઝ 3-2થી જીતી લીધી હતી. આ એસ્ટરહેગનની સતત બીજી અડધી સદી હતી, તેણે પાછલી મેચમાં 57 રનની ઈનિંગ સાથે પોતાની કેરિયરની પહેલી અડધી સદી ફટકારી હતી. પ્રથમ બેટિંગ માટે આમંત્રણ મળ્યા બાદ દક્ષિણ આફ્રિકાએ ચાર વિકેટે 187 રન બનાવ્યા હતા. જેના જવાબમાં ન્યુઝીલેન્ડની ટીમ આઠ વિકેટે 154 રન જ બનાવી શકી હતી.

11મી ઓવરમાં દક્ષિણ આફ્રિકાનો સ્કોર બે વિકેટે 76 રન હતો ત્યારે એસ્ટરહેગન ક્રીઝ પર આવ્યો. અગાઉની મેચમાં ત્રીજા નંબરે બેટિંગ કરનાર વિકેટકીપર-બેટ્સમેનને આ મેચમાં રૂબિન હાર્મન પછી ચોથા નંબરે મોકલાયો હતો. પાવર પ્લેમાં દક્ષિણ આફ્રિકાએ એક વિકેટે 43 રન બનાવ્યા હતા, પરંતુ 10 ઓવર પછી ટીમનો સ્કોર બે વિકેટે માત્ર 76 રન હતો. તેમણે છેલ્લી 10 ઓવરમાં 111 રન ઉમેર્યા, જેમાં એસ્ટરહેગન અને ડાયેન ફોરેસ્ટરે ચોથી વિકેટ માટે માત્ર 27 બોલમાં 61 રન જોડ્યા હતા. દક્ષિણ આફ્રિકાએ પોતાની ઈનિંગમાં 47 ડોટ બોલ રમ્યા, પરંતુ ટીમે 15 ચોગ્ગા અને 10 છગ્ગા સાથે તેની ભરપાઈ કરી. શાનદાર બોલિંગ અને અદ્દભૂત ફિલ્ડિંગ સામે લક્ષ્યનો પીછો કરતી વખતે, ન્યુઝીલેન્ડની બેટિંગ લથડી ગઈ અને ટીમ દબાણમાં આવી ગઈ.

# શાકિબને લાંબા સમય સુધી ટીમમાં રાખવા માગતા હબીબુલ બશર

**બાંગ્લાદેશના** પસંદગી સમિતિના નવા વડાની શાકિબ અલ હસન સ્વદેશ પાછો ફરે તેવી ઇચ્છા



ઢાકા, તા. 25 : બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડની પસંદગી સમિતિના નવનિયુક્ત અધ્યક્ષ હબીબુલ બશારે કહ્યું છે કે તેઓ ઈચ્છે છે કે અનુભવી ઓલરાઉન્ડર શાકિબ અલ હસન પોતાના દેશમાં પાછો ફરે અને 2027નો વન ડે વર્લ્ડકપ સહિત ઓછામાં ઓછા બે વર્ષ સુધી દેશ માટે રમે. શેખ હસીનાના નેતૃત્વ હેઠળના આવામી લીગ પક્ષના સભ્ય, 38 વર્ષીય શાકિબ, તેમની સરકાર પડી ભાંગ્યા બાદ અમેરિકા ભાગી ગયો હતો અને વચગાળાની સરકારે તેમને દેશનું પ્રતિનિધિત્વ કરવાથી રોક્યો હતો. પરંતુ આ વર્ષની શરૂઆતમાં નવી સરકારની રચના બાદ કાર્યભાર સંભાળનાર બશર ઈચ્છે છે કે શાકિબ તેના વતન પાછો ફરે અને ફરીથી દેશ માટે રમે. બશરે કહ્યું કે શાકિબની વાપસી પર વિચારણા ચાલી રહી છે પરંતુ 17 એપ્રિલથી ન્યુઝીલેન્ડ સામે શરૂ થનારી મર્યાદિત ઓવરોની શ્રેણી માટે તેને ટીમમાં સામેલ કરવો શક્ય બનશે નહીં કારણ કે તેના માટે ખૂબ જ ઓછો સમય બાકી છે. તેમણે કહ્યું કે ન્યુઝીલેન્ડ સામેની શ્રેણીમાં હવે વધુ સમય બાકી નથી. મને ખબર નથી કે શાકિબે તાજેતરમાં કેટલું ક્રિકેટ રમ્યું છે. હું તેના વિશે જે જાણું છું તેના આધારે, હું કહી શકું છું કે તે એવો ખેલાડી નથી જે આવતીકાલથી જ રમવાનું શરૂ કરી શકે. તેને પ્રેક્ટિસની પણ જરૂર છે. ભાવનાઓ માટે કોઈ જગ્યા નથી. સ્વાભાવિક છે કે, જો આપણે શાકિબ વિશે વિચારી રહ્યા છીએ, તો આપણે તેને લાંબા સમય સુધી આસપાસ રાખીશું એવું બશારે કહ્યું હતું.

# વર્લ્ડકપ પ્લેઓફ : યુરોપના ચાર બાકી સ્થાનની સ્પર્ધામાં ઈટાલી દબાણ હેઠળ

**છેલ્લી** બે ટૂર્નામેન્ટમાં ક્વોલિફાઇ પણ ન થઇ શકેલા ચારવારના ચેમ્પિયન ઇટાલીની પ્રતિષ્ઠા દાવ પર

બર્ગામો (ઈટાલી), 25 માર્ચ (AP): જ્યારે 2006માં બર્લિનના ઓલિમ્પિક સ્ટેડિયમમાં ફેબિયો કેનાવારોએ વર્લ્ડ કપની સુવર્ણ ટ્રોફી હવામાં લહેરાવી હતી, ત્યારે ભાગ્યે જ કોઈએ કલ્પના કરી હશે કે આગામી બે દાયકા દરમિયાન ફૂટબોલની આ સૌથી મોટી ટુર્નામેન્ટ ઈટાલીને આટલું કષ્ટ આપશે. 2010માં, અઝુરી (ઈટાલીની ટીમ) એ ખૂબ જ નબળો બચાવ રજૂ કર્યો હતો અને ગ્રુપ સ્ટેજમાં એક પણ મેચ જીત્યા વગર બહાર ફેંકાઈ જવું પડ્યું હતું. 2014માં પણ તેઓ નોકઆઉટ સ્ટેજ સુધી પહોંચી શક્યા નહોતા, જ્યાં લુઈસ સુઆરેઝે ઈટાલીના ડિફેન્ડર જ્યોર્જિયો ચિલીનીને બચકું ભર્યું તેના થોડા સમય બાદ જ ઉરુગ્વેએ કરેલા ગોલથી ઈટાલી બહાર થઈ ગયું હતું. 2018 અને 2022ની ટુર્નામેન્ટોમાં તો ઈટાલી ક્વોલિફાય પણ થઈ શક્યું નહોતું. યુરોપિયન પ્લેઓફમાં બહાર ફેંકાઈ જવું એ આ ફૂટબોલ પ્રેમી રાષ્ટ્ર માટે ઘોર અપમાન સમાન હતું. તેથી જ આ અઠવાડિયે આખો દેશ તણાવમાં છે. ઈટાલી ફરી એકવાર વર્લ્ડકપ પ્લેઓફમાં છે. આ ઉનાળામાં અમેરિકા, કેનેડા અને મેક્સિકોમાં યોજાનારી ટુર્નામેન્ટ માટે યુરોપના બાકી રહેલા ચાર સ્થાનો માટે સ્પર્ધા કરી રહેલી 16 ટીમોમાંની તે એક છે. આ વખતે વર્લ્ડકપ વધુ મોટો થયો છે, જેમાં યુરોપના 16 સહિત કુલ 48 દેશો સામેલ છે. તેમ છતાં ચાર વખતની વર્લ્ડ ચેમ્પિયન ટીમે પાછલા બારણેથી પ્રવેશ મેળવવો પડી રહ્યો છે, જે રમત જગતમાં તેમની પ્રતિષ્ઠા માટે સારું નથી.

# એશિયા કપ સ્ટેજ વનમાં ભારતીય તીરંદાજોએ બે બ્રોન્ઝ જીત્યા

**પુરુષોની** રિકર્વ અને મહિલાઓની કંપાઉન્ડ ટીમ ઇવેન્ટ્સ ફાઇનલમાં તેમજ કમ્પાઉન્ડ ઇવેન્ટમાં ત્રણ તિરંદાજ મેડલ રેસમાં

બેંગકોક, તા. 25 (પીટીઆઈ) : ભારતીય તીરંદાજોએ બુધવારે એશિયા કપ વર્લ્ડ રેન્કિંગ ટુર્નામેન્ટના પ્રથમ તબક્કાના બીજા દિવસે બે બ્રોન્ઝ મેડલ જીત્યા હતા, સાથે જ પુરુષોની રિકર્વ અને મહિલા કમ્પાઉન્ડ ટીમ ઈવેન્ટ્સની ફાઈનલમાં પણ પ્રવેશ કર્યો હતો.

ભારતે વ્યક્તિગત ઈવેન્ટ્સમાં પણ ત્રણ મેડલ મેળવ્યા હતા, પરંતુ પુરુષોની રિકર્વ રેસમાં ચારેય તિરંદાજોનું નિરાશાજનક પ્રદર્શન રહ્યું. ગત સિઝનમાં વિષ્ણુ ચૌધરી અને રાહુલ દ્વારા પ્રાપ્ત કરાયેલા ટોચના બે ફિનિશની તુલનામાં આ એક મોટો ફટકો હતો. મહિલા કમ્પાઉન્ડ ટીમે ગયા વખતે બ્રોન્ઝ જીત્યો હતો પરંતુ આ વખતે ફાઈનલમાં પહોંચીને મેડલનો રંગ સુધારવાનો પ્રયાસ કરશે.

ચિકિથા તાનીપર્થી, રાજ કૌર અને તેજલ સાલ્વેની ત્રિપુટીએ સ્થાનિક ખેલાડીઓ કન્યાવી મનિસોમ્બટકુલ, કનોકનાપસ કેચોમ્ફુ અને ચાનીદપ્પા તનારતપિતિનનને 229-226થી હરાવ્યા હતા. હવે તેઓ ફાઈનલમાં ત્રીજા ક્રમાંકિત કઝાકિસ્તાન સામે ટકરાશે. પુરુષોની કમ્પાઉન્ડ ઈવેન્ટમાં ક્વોલિફિકેશન રાઉન્ડમાં ટોચનું સ્થાન મેળવવા છતાં રજત ચૌહાણ, ઋષભ યાદવ અને ઉદય કંબોજ સેમિફાઈનલમાં વિયેતનામ સામે 233-234થી હાર્યા હતા. બ્રોન્ઝ મેડલ મેચમાં, ભારતીય ટીમે ભૂટાનને 234-232 થી હરાવ્યું. રિકર્વ કેટેગરીમાં, ભારતીય પુરુષ ટીમે મલેશિયાને 5-1 થી હરાવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો. ભારતના દેવાંગ ગુપ્તા, સુખચૈન સિંહ અને જુયલ સરકારે સેટ ગુમાવ્યા વિના જીત મેળવી.

## સુડોકુ - ૭૨૮૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૫ | | | ૬ | | ૧ | | |
| | | | | ૨ | ૧ | | | |
| ૧ | ૬ | | | | | | | ૫ |
| | ૧ | ૫ | | ૯ | ૨ | ૬ | | ૩ |
| | | | ૪ | ૫ | ૬ | | | |
| ૯ | ૮ | | ૧ | ૭ | ૩ | ૫ | | ૨ |
| ૨ | | | ૬ | | | ૯ | | |
| | | ૧ | | | | ૨ | | |
| | ૯ | ૮ | | | | ૪ | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા


મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### દ્વિરુત્તર ચૂર્ણ

મહર્ષિ ચરકનો આ યોગ આબાલ વૃધ્ધ માટે અકસીર છે. એના ઘટકો ઉત્તરોત્તર બમણા થાય છે તેથી આ નામ મળ્યું છે. હિંગ એક ભાગ, ઘોડાવજ બે ભાગ, ચિત્રક મૂળ ત્વક ચાર ભાગ, કઠ આથવા ઉપલેટ આઠ ભાગ, સંચળ સોળ ભાગ, વાવડીંગ (અથવા દીકામાલી) બત્રીસ ભાગ લઈ વાટી ચૂર્ણ કરવું. તેમાંથી ત્રણ ગ્રામ ચૂર્ણ સવાર, સાંજ હુંફાળા પાણીમાં લો. ગેસ, કબજિયાત, ચૂંક, કૃમિ, આફરો, અપચો, હૃદયની શંકા માટે આબાલ વૃધ્ધને અતિ ઉપયોગી છે. દરેક ઘરમાં રાખવું જોઈએ.


## શબ્દગુંફન - ૭૧૮૮

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**
૧. છત્રીવાળી ગાડી (૪)
૪. પ્રત્યેક, દરેક (૨)
૬. ચંચળ, અસ્થિર (૩)
૮. પૃથ્વી (૨)
૯. સુશોભિત કરવું (૪)
૧૧. લીલું (૩)
૧૨. હોડી (૨)
૧૩. ધરાયેલું, તૃપ્ત (૨)
૧૪. ચીજ, નમૂનો (૨)
૧૫. નાશ પામેલું (૨)
૧૭. ટેક, આબરૂ (૨)
૧૮. લીન, ડૂબેલું (૨)
૨૦. કર્તવ્ય (૩)
૨૧. વિદ્યુત, વિજળી (૨)
૨૩. શહેર (૩)
૨૪. નવલું, આશ્ચર્યકારક યુક્ત (૩)
૨૬. એક કઠોળ (૨)
૨૭. ગૌરવ યુક્ત (૨)
૨૮. વગાડવું તે (૩)
૨૯. યુવાની (૩)
૩૧. દેવ-દેવીએ આપેલું વચન (૪)
૩૩. દિવસ, દહાડો (૨)
૩૪. જમીન (૨)

**ઊભી ચાવી**
૧. મિત્રતા, પ્રીતિ (૨)
૨. દસ માથાવાળો લંકાનો રાજા (૩)
૩. એક રૂપાળું પક્ષી (૨)
૫. સાવ સહેલી વાત (૫)
૬. તાજું, મસ્ત (૨)
૭. મોજું, તરંગ (૩)
૯. ઊંચા કુળનું (૩)
૧૦. દૂધ દેતું એક ચોપગું પ્રાણી (૨)
૧૩. કિનારો, કાંઠો (૨)
૧૬. હુકમની અવગણના (૫)
૧૭. દબાણ, ભાર (૩)
૧૮. ધૂળ (૨)
૧૯. સિંહ (૪)
૨૧. વસિયતનામું (૨)
૨૫. સહાય (૩)
૨૬. કેફ, ખુમારી (૨)
૨૮. રંગ, વર્ણ (૨)
૩૦. વાર્તા (૨)
૩૧. જંગલ (૨)
૩૨. એક વનસ્પતિ (૨)



## આજનું પંચાંગ

**તા. 26/03/2026, ગુરુવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીરમ સંવત :** 2552 **માસ :** ચૈત્ર
**તિથિ:** સુદ : આઠમ: 11:50 દુર્ગાષ્ટમી
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** વસંત
**રાષ્ટ્રિય દિનાંક :** ચૈત્ર: 05
**યોગ :** શોભન **કરણ:** બાવલ
**નક્ષત્ર :** આદ્રા: 16:20
**રાશિ:** મિથુન (ક,છ,ઘ)
**દિવસ :** મિશ્ર ભવાની પ્રાગટય, શ્રીરામનવમી
**સુરતમાં સૂર્યોદય :** 06:39 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:50
**નવકારસી :** 07:27
**પારસી વર્ષ :** 1395 આવાં માસનો 14મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447 શવ્વાલ માસનો 06 ઠ્ઠો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ,
**રાત્રિનાં ચોઘડિયાં:** અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત
**રાહુ કાળ :** બપોરે 13:30 થી 15:00 સુધી

**મેષ (અ,લ,ઇ,):** શુભ સમાચાર મળે. ઇન્ટરવ્યુ પરીક્ષા વગેરેમાં સફળતા મળે. ઉચ્ચ કક્ષાના લોકોની મદદ મળે.
**વૃષભ (બ,વ,ઉ,):** ઉઘરાણી આવી શકે છે. ઘરમાં નવા મહેમાનનું આગમન થઇ શકે તેમજ વારસા બાબતે પ્રગતિ થાય.
**મિથુન (ક,છ,ઘ,):** નવી યોજના પાર પડે. સમાજમાં પ્રતિષ્ઠા વધે. નોકરીમાં અનુકૂળતા રહે. ધંધામાં આવક વધે.
**કર્ક (ડ,હ,):** ધર્મ-કર્મ તંત્ર-મંત્રમાં રસ રહે. યોગ્ય માર્ગદર્શન મળે. સામાજિક કામથી યશ મળે પ્રવાસ થાય.
**સિંહ (મ,ટ,):** વિદ્યાર્થીઓને

## આપની આજ

જયોતિષાચાર્ય હંસરાજ

અનુકૂળતા રહે. નોકરી ધંધામાં મિત્રો મદદરૂપ બને. સંતાનોનાં કામમાં પ્રગતિ થાય.
**કન્યા (પ,ઠ,ણ,):** નોકરીમાં પ્રભાવ વધે. નવી જવાબદારી અને કાર્યબોજ વધશે. સમાજમાં પ્રગતિ થાય આવક વધશે.
**તુલા (ર,ત,):** કાયદા કાનૂન બાબતે પ્રગતિ થાય. ઉચ્ચ શિક્ષણની તક મળે વિદેશ પ્રવાસનાં કામમાં અવરોધ આવે.
**વૃશ્ચિક (ન,ય,):** વિશ્વાસઘાતથી નુકસાન થઇ શકે છે. શંકા કુશંકાના કારણે કામમાં વિલંબ થાય. આરોગ્ય નરમ.
**ધન (ભ,ધ,ફ,ઢ,):** અચાનક અટકેલાં કામમાં ગતિ આવે. ઉંમર લાયકના વિવાહ થઇ શકે છે. નોકરીમાં નવી તક ઊભી થાય.
**મકર (ખ,જ,):** કામકાજની જગ્યાએ અને વ્યવહારમાં વિવેકબુધ્ધિનો ઉપયોગ કરવો. પડવા-વાગવાથી સાવધાન.
**કુંભ (ગ,સ,શ,ષ,):** વિદ્યાર્થીઓને સફળતા મળે. ઉચ્ચ કક્ષાના લોકોનું માર્ગદર્શન મળે પ્રેમમાં અનુકૂળતા રહે આવક વધે.
**મીન (દ,ચ,ઝ,થ,):** ઘરમાં ઉત્સવ જેવુ રહે. સમાજમાં યશ મળે. નોકરીમાં પ્રમોશન થાય બહારનાં કામ થાય.

## કોઈ પણ સાલમાં 26 માર્ચે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધામાં ચડતીપડતી રહે. આવક સામાન્ય રહે. ઉઘરાણી આવી શકે છે. આરોગ્ય સામાન્ય રહે સમાજમાં સામાન્ય રહે. નોકરી-ધંધામાં ટેકનોલોજીનો લાભ મળે. દરેક જગ્યાએ હરીફોની હેરાનગતિ વધશે. સરકારી કામ કોર્ટ, કચેરીમાં ચડતીપડતી રહે. ઉંમર લાયકના વિવાહ થાય સંતાનોનાં અભ્યાસ-કેરીયરમાં સામાન્ય રહે. વિદેશનાં કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓને મદદ મળતી રહેશે આવક વધારવાની યોજનામાં પ્રગતિ થાય. નવાં ઘર, વાહન, મકાન બાબતે પ્રગતિ થાય. યાત્રા-પ્રવાસ-ધર્મ-કર્મથી શાંતિ મળે. વારસા, જાયદાદ, જમીન જેવા કામ ધીમાં પડશે. કાયદા સમાજ જેવા કામમાં વડીલો મિત્રોની મદદ મળે. ડિસેમ્બર, જાન્યુઆરી, ફેબ્રુઆરી, શુક્ર-શનિવાર 8, 17, 26 તારીખે નવાં કામ કરી શકાય. ભૂરા રંગનો ઉપયોગ કરતાં રહેવું. માર્ચ-એપ્રિલ બુધવાર, 7, 16, 25 તારીખે નવાં કામ ટાળવાં સોનેરી રંગનો ઉપયોગ ટાળવો.

